ભાદરવાના બીજા રવિવારે અડપોદરા ગામે ઝાલા બાવજીનો લોકમેળો યોજાશે

ગીત, રાસડા અને દુહાના લોકનાદ વચ્ચે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનો પ્રખ્યાત ઝાલાજીનો લોકમેળો હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે પ્રતિવર્ષની જેમ ચાલુ સાલે પણ આગામી તારીખ ૩ અને ૪ સપ્ટેમ્બર માસ દરમિયાન યોજાશે. આ અંગે ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ અડપોદરાના પ્રમુખશ્રી આલુસિંહ ઝાલાના જણાવ્યા મુજબ દર વર્ષે ભાદરવા માસના બીજા રવિવારે ભરાતા લોક સંસ્કૃતિથી ઉભરતા આ લોકમેળામાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા ઉપરાંત સમગ્ર ઉત્તર ગુજરાતની શ્રદ્ધાળુ પ્રજા અહીં દર્શનાર્થે ઉમટી પડે છે. અડપોદરા પાસે ડુંગરોની ગિરિકંદરાઓ વચ્ચે આવેલા આ ઝાલા બાવજીના મંદિરે ભાવ અને ભક્તિથી પ્રેરાઈને હજારોની સંખ્યામાં માનવ મહેરામણ અહીં આવી શ્રીફળ વધેરી પોતાની બાધા-માનતાઓ પૂરી કરે છે. મોગલ શાસન સમયે હિન્દુઓના શૂરવીર રાજાઓ પૈકી ઝાલા રાજપુત વંશજ એવા ઝાલા પરિવારની ગાયો મોગલ શાસકો હંકારી ભગાડી જતા હતા. તે સમયે કહેવાય છે કે ઝાલાજી ગાયોને વારે ચડી વીરગતિ પામ્યા હતા. તે સ્થળે અડપોદરાના ડુંગર પર ઝાલાજીનો પાળીયો બનાવી વીરગતિ પામેલા આ શૂરવીર રાજા "ઝાલા બાવજી" તરીકે અહીં પૂજાય છે. દરવર્ષે હજારોની સંખ્યામાં ભાવિકો અહીં આવીને મેળાના ઉત્સવરૂપે ઉજવણી કરે છે. આ મેળામાં પશુપાલકો પશુધન નિરોગી રહે એ માટે બાધા-આંખડી રાખી શ્રીફળનો પ્રસાદ ચઢાવી બાધા-માનતા પૂર્ણ કરે છે. મેળામાં આવતા લોકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે અડપોદરા ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી તમામ વ્યવસ્થા માટે તૈયારીઓ આરંભી દીધી છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરાની શ્રી.જે.એસ.મહેતા હાઈસ્કુલ ખાતે કલા મહાકુંભ યોજાયો

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર આયોજિત જિલ્લા રમત ગમત અધિકારીશ્રી ની કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૬-૦૮-૨૦૨૨ ને શુક્રવારના રોજ શ્રી.જે.એસ.મહેતા હાઈસ્કુલ ધનસુરા ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો.આ કલા મહાકુંભમાં ચિત્ર,નિબંધ, વકતૃત્વ સ્પર્ધા લગ્નગીત,ભજન,એક પાત્રીય અભિનય જેવી વિવિધ કૃતિઓ માં ૧૮૦ કરતા વધુ સ્પર્ધકો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કલા મહાકુંભના ઉદ્ઘાટન સત્રમાં શાળાના આચાર્યશ્રી પ્રકાશભાઈ દેસાઈએ ઉપસ્થિત મહેમાનો તાલુકા શાળાના આચાર્ય શ્રીઓ,શિક્ષકશ્રી ઓ સ્પર્ધક વિદ્યાર્થી ભાઈ બહેનો ને આવકારી જણાવ્યું હતું કે કલા કુંભના માધ્યમથી બાળકોમાં રહેલી શક્તિઓને બહાર લાવવાનો અવસર મળે છે વિદ્યાર્થીઓએ આવી પ્રવૃત્તિઓમાં જોડાઈને પોતાનામાં પડેલી કલાને ઉજાગર કરવી જોઈએ.

ઢુવા રોડ ઉપર શિવ ભોલેનાથના મંદિરે હવન યોજાયો

ડીસાના રેલ્વે સ્ટેશનથી ઢુવા રોડ ઉપર વડતલાવ પાસે આવેલ જોગણી માતાના મંદિર સંકુલમાં શિવ ભોલા નાથના મંદિરે શ્રાવણી અમાસે લોધા સમાજ સકલ પંચ દ્વારા દર્શન શાસ્ત્રી દ્વારા હવન કરવામા આવ્યો હતો. જે હવનના ઘીની આહુતિના યજમાન નારણભાઈ રામસિંગભાઈ લોધા હતા તેમજ આગેવાનો કિશનલાલ લોધા, રામપ્રસાદ લોધા, રમેશભાઈ લોધા, ભગવાંસિહ લોધા તેમજ ઉદયભાઈ લોધા સહિત સમાજના લોકો હાજર રહયા હતા.અને તમામ લોકોએ પ્રસાદનો પણ લાભ લીધો હતો.

અંબાજી પૂનમના મેળામાં જિલ્લાના ૧૮૪ ગામ અને સાબરકાંઠા જિલ્લાના ૩૦ મળી ૨૨૪ ગામમાં ધ્વજા મોકલવામાં આવી

ચાલુ વર્ષે ૧૫૧ ગામમાં નવીન ભજન મરંડળીઓ ચાલુ ૪૦ નવીન ભજન મંડળીઓને સંગીતના સાધનો આપવામાં આવ્યા. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત દ્વારા આગામી ભાદરવી પૂનમના મહામેળામાં બનાસકાંઠા જિલ્લાના ૧૮૪ ગામ અને સાબરકાંઠા જિલ્લાના ૩૦ ગામ મળી કુલ ૨૨૪ ગામમાં ધ્વજા મોકલવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે જેથી દરેક ગામમાંથી ધ્વજા સાથે સંઘ લઈને માતાજીના દર્શને આવે તેમજ જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાતના શ્રદ્ધા જાગરણ આયામ દ્વારા ચાલુ વર્ષે ૧૫૧ ગામમાં નવીન ભજન મંડળીઓ ચાલુ કરવાની છે તે માટે શુક્રવારે ૪૦ નવીન ભજન મંડળીઓને કલેકટર આનંદ પટેલના હસ્તે સંગીતના સાધનો આપવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે, શ્રદ્ધા જાગરણ આયામના પ્રમુખ ધના મહારાજ અને જનજાતિ કલ્યાણ આશ્રમના કાર્યકરો ઉપસ્થિત રહેલ હતા. ભજન મંડળીના સાધનો માટે આર્થીક સહયોગ જગદીશ પટેલ કડી તેમજ ધજાઓ માટે આર્થીક સહયોગ પરેશ પટેલ કોઈટાપુરા દ્વારા આપવામાં આવ્યો હતો.

વાહ રે દારુબંધી - રેડની કાર્યવાહી છતાં ધમધમતા દેશી દારૂના અડ્ડા

જિલ્લાના ૨૫ પોલીસ સ્ટેશનની હદમાં ડર વગર દેશી દારૂની પોટલીનું વેચાણ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૮

બરવાડાના ચકચારી લઠ્ઠાકાંડ પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પોલીસે દેશી દારૂના અડ્ડાઓ ઉપર તવાઈ બોલાવી રેડની કાર્યવાહી હાથ ધરી હતી તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસના ડર વગર દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. દારૂના વેપલામાં પોલીસના ચાવવાના જુદા અને બતાવવાના જુદા દાંત હોય તેવી તાસિર ઉભરી છે. પોલીસની જો કડકાઈ હોય તો દેશી દારૂ બનાવનારા અને વેચનારાઓને કોનું પીઠબળ છે?? તે તપાસનો વિષય બન્યો છે. જિલ્લાના ૨૫ પોલીસ સ્ટેશનની હદમાં હાલની સ્થિતિએ પણ પોલીસના ડર વગર દેશી દારૂની પોટલીઓનું વેચાણ થઈ રહ્યું છે.

દારૂના અડ્ડાઓ ઉપર પોલીસે અંકુશ મૂકવાના માત્ર દેખાડા કર્યા છે. દર મહિને પોલીસને નિયત કરેલો હપ્તો પહોંચી જતો હોવાથી રેડની કાર્યવાહી દરમ્યાન કહેવા ખાતર કેસ બનાવી ગૃહ વિભાગની

આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તાજેતરમાં બરવાડાના લઠ્ઠાકાંડ પછી ગૃહ વિભાગ ઉપર પસ્તાળ પડી હતી જેથી ઉચ્ચ કક્ષાએથી દારુના દૂષણ ઉપર અંકુશ મૂકવા માટે કડક સૂચના અપાતાં સાબરકાંઠા જિલ્લાના ૧૪ અને અરવલ્લી જિલ્લાના ૧૧ પોલીસ સ્ટેશનની હદમાં સ્થાનિક પોલીસ, એલ.સી.બી. સહિતની ટીમોએ ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારુના દૂષણ સામે જાણે કે જંગ છેડવો હોય તે પ્રકારે છાપા માર્યા હતા. જેમાં દેશી દારૂની ભઠ્ઠીઓનો નાશ કરવાની સાથે દારૂ બનાવવામાં ઉપયોગી મહૂડાનો વોશ તેમજ હજારો લીટર દારુ જપ્ત કરી દારૂનું વેચાણ કરનારાઓ સામે કેસ નોંધ્યા હતા પરંતુ ટૂંક સમયમાં જ પોલીસની કાર્યવાહીનો ગુબ્બારો ફૂટ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ ખુલ્લેઆમ દેશી દારુની પોટલીયોનું વેચાણ થઈ રહ્યું છે. પોલીસના હપ્તારાજમાં ક્યારે ક્યાં રેડ થવાની છે તેની માહિતી દેશી દારુ વેચનારાઓ સુધી પહોંચી જતી હોય છે. પોલીસના કેટલાક ભ્રષ્ટ બીટ જમાદારો દારૂના અડ્ડાવાળાઓને અગાઉથી ચેતવી દેતા હોય છે. જ્યારે રેડ થવાની હોય ત્યારે મુદામાલ સગેવગે કરી નાખવામાં આવતો હોય છે. પોલીસ દારૂના અડ્ડાનું સ્થળ છોડે કે તરત જ દેશી દારૂની પોટલીયાનું વેચાણ શરુ થઈ જતું હોય છે. જિલ્લામાં પોલીસની કહેવાતી દારુબંધીમાં ભલે પોલીસે લઠ્ઠાકાંડ પછી થોકબંધ કેસ નોંધ્યા હોય પરંતુ હાલની સ્થિતિએ ગામડાઓમાં દેશી દારૂની રેલમછેલ થઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસના ડર વગર દેશી દારૂનું સવાર થી રાત સુધી વેચાણ થઈ રહ્યું હોવાથી વાહ રે દારુબંધી જેવા શબ્દો સરી પડે તેવા દ્રશ્યો સામે આવ્યા છે.

દેવા રે દેવા ગણપતિ દેવા..ના ૧૦ દિવસ નારા ગુંજશે

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૦ હજાર ગણેશ મૂર્તિઓના સ્થાપન સાથે ગણેશ મહોત્સવની તૈયારીઓ : વરસાદના વિઘ્નની પણ સંભાવના

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૮

વિઘ્નહર્તાદેવ ગણેશજીના મહોત્સવનો તા.૩૧ ઑગષ્ટથી પ્રારંભ

થવા જઈ રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગામે ગામ ગણેશ મહોત્સવની તૈયારીઓ જોવા મળી રહી છે. સારૂ ચોમાસુ અને ધંધા-રોજગારમાં તેજીના કારણે બજારમાં તેજી દેખાય છે. બંન્ને જિલ્લામાં ૧૦ હજાર ગણેશ મૂર્તિઓના સ્થાપન સાથે વિઘ્નહર્તાના પર્વની ઉજવણી થશે. પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોનાના કારણે ગણેશ મહોત્સવની ઉજવણી ફિક્કી રહી હતી પરંતુ આ વર્ષે ઉત્સાહ સાથે દેવા રે દેવા ગણપતિ દેવા..ના નારા ૧ થી ૧૦ દિવસ સુધી ગુંજતા રહેશે. બાયડ ગામ તેમજ બાયડના ગીરીરાજ કેમ્પસમાં ગણેશ મહોત્સવ માટે તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગણેશ પર્વ નજીક આવી રહ્યું છે તેમ બજારોમાં ગણેશ મૂર્તિઓના વેચાણ માટે હોડ જામ્યા જેવી સ્થિતિ છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિ પર્યાવરણ માટે હાનિકારક હોવા છતાં આ વર્ષે પણ પ્લાસ્ટર ઓફ પેરીસની હજારો મૂર્તિઓ વેચાણ માટે શહેરી વિસ્તારોમાં ખડકાઈ છે. ૬ ઈંચ થી માંડી ૬ ફૂટ સુધીની મૂર્તિઓ ખરીદવા માટે ગણેશ યુવક મંડળોમાં હોડ જામી છે. કેટલાક લોકોએ પર્યાવરણનું હિત ન જોખમાય તે માટે ઈકો ફ્રેન્ડલી માટીમાંથી બનેલી મૂર્તિઓ માટે પણ ખરીદી શરૂ કરી છે. પાછલા એક દાયકાથી ગુજરાત સહિત જિલ્લામાં ગણપતિ મહોત્સવની ઉજવણીમાં વધુ ને વધુ લોકો સામેલ થઈ રહ્યા છે. બાયડ ગામ, વલ્લભનગર સોસાયટી, ગીરીરાજ કેમ્પસ, બાયડ ગામ, ગાબટ રોડ, શ્રીજી સોસાયટી, દેવભૂમિ, શ્રી શરણમ્, સહજાનંદ સોસાયટી સહિતના વિસ્તારોમાં પણ ભવ્ય ગણપતિ મહોત્સવ ઉજવણી માટે આયોજકો દ્વારા તૈયારીઓ શરૂ થઈ છે. એક અંદાજ અનુસાર સાબરકાંઠા જિલ્લામાં જ રૂા.૯૦ લાખ થી ૧ કરોડની કિંમતની ગણેશ મૂર્તિઓનું વેચાણ થવાની સંભાવના છે. ગણેશ મહોત્સવ દરમ્યાન મીઠાઈ બજારમાં પણ ભારે ઘરાકીનો અંદાજ લગાવાઈ રહ્યો છે. ગણેશ પર્વ દરમ્યાન વરસાદના વિઘ્નની સંભાવના પણ આયોજકોને સતાવી રહી છે જેથી મોટાભાગના આયોજકોએ વોટરપ્રૂફ મંડપ તૈયાર કર્યા છે.

બાયડમાં ગણેશ મહોત્સવના દિવસે કાજલબેન હિન્દુસ્થાની ઉપસ્થિત રહેશે

બાયડના પંચજ્યોત પરિવાર ગણેશ યુવક મંડળ-બાયડ દ્વારા ગીરીરાજ કેમ્પસમાં ગણેશ મહોત્સવનું આ વર્ષે પણ આયોજન કર્યું છે જેમાં તા.૩૧ ઑગષ્ટ રાત્રે ૯-૦૦ કલાકે પ્રખર રાષ્ટ્રવાદી સનાતની કાજલબેન હિન્દુસ્થાની ઉપસ્થિત રહેશે તેમ મિતેષ એસ. પટેલે જણાવ્યું છે.

જુના ડીસાની બનાસ નદીમાં ત્રણ યુવકો ડૂબી જતાં અરેરાટી

ડીસા, તા. ૨૮

ડીસા તાલુકાના જુનાડીસા ગામની વહેતી બનાસ નદીમાં ન્હાવા ઉતરેલા ત્રણ યુવકો ડુબી મરતા ગામમાં માતમ છવાયો છે. જેને પગલે દોડી આવેલ તંત્રના

અધિકારીઓ દ્વારા તરવૈયાઓની મદદથી તેમના મૃતદેહ બહાર કાઢવાની મથામણ હાથ ધરવામાં આવી છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે દાંતીવાડા ડેમ છલોછલ ભરાતા બુધવારે ડેમના દરવાજા ખોલી બનાસ નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું.જેથી આજે ગુરુવારે બનાસ નદી પાંચ વર્ષ બાદ વહેતી થતા બનાસવાસીઓમાં ખુશાલી છવાઈ હતી.તેથી નદી કાંઠાના ગામોના લોકો નદી નિહાળવા વહેલી સવારથી જ ઉમટી પડ્યા હતા અને ઠેરઠેર વાગતા ઢોલે નદીના નિરના વધામણાં કરવામાં આવ્યા હતા.બપોરે બાર વાગે જુનાડીસા ગામે પણ નદીમાં પાણી આવતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને હિન્દૂ મુસ્લિમ બિરાદરો દ્વારા નિરના વધામણાં કરી ખુશાલી વ્યક્ત કરેવામાં આવી હતી.પરંતુ બપોરના સુમારે નદીમાં ન્હાવા પડેલા ઘાસુરા બદ્રીઆલમ અબ્બાસખાન ઉ.વ.આશરે ૩૬,સુમરા ઇકબાલભાઈ અલ્લારખાભાઈ ઉ.વ.આશરે ૨૫ અને સુમરા ઈલિયાસભાઈ મહમ્મદભાઈ ઉ.વ.આશરે ૨૫ ગણતરીના સમયમાં નદીની ઊંડી કોતરમાં ગરકાવ થઈ ગયા હતા.તેથી આખું ગામ નદી ઉપર ઉમટી પડ્યું હતું.મૃતકોના પરિવારોના આક્રંદથી ખુશી શોકમાં પલટાઈ ગઈ હતી.જેની જાણ થતાં મામલતદાર,ટીડીઓ અને પોલીસ દોડી આવી હતી અને તરવૈયાઓની મદદથી મૃતકોના મૃતદેહ બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

રોજગાર ક્ષેત્રે પર્યટક સ્થળોને વિકસાવવા માટે કમીટી રચાશે

જિલ્લામાં ઈડરીયાગઢ, પોળો ફોરેસ્ટમાં રોજગાર વિકસિત કરવાનું આયોજન

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ની શારીરિક નિયામક કચેરીએ રસ દાખવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

- સાબરકાંઠા જિલ્લાના પર્યટક સ્થળ ઈડરીયાગઢ અને પોળો ફોરેસ્ટમાં હાલમાં કાર્યરત ધંધા-રોજગારોને વધુ વિકસિત કરવાનું આયોજન થઈ રહ્યું છે. રોજગાર ક્ષેત્રો પર્યટક સ્થળોને વિકસાવવા માટે પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ની શારીરિક નિયામક કચેરીએ રસ દાખવ્યો છે. જેમાં ટૂંક સમયમાં જ પર્યટક સ્થળોએ રોજગાર વિકસાવવા માટે કમીટીની રચના થનાર હોવાનું જાણવા મળ્યું છે.

ઉત્તર ગુજરાતના પ્રસિદ્ધ સ્થળોનો પ્રચાર પ્રસાર વધવાની સાથે નવા રોજગાર અને ઉદ્યોગો શરુ થાય તેમજ હાલમાં કાર્યરત ધંધા-રોજગારો વધુ વિકસિત થાય તે માટે સેમીનાર, તાલીમ વર્કશોપ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ઉત્તર ગુજરાત યુનિ.ના શારીરિક નિયામક વિભાગ દ્વારા રાજ્ય સરકારના ગુજરાત ટુરીજમ વિભાગમાં સમગ્ર ઉત્તર ગુજરાતના પ્રવાસી સ્થળો ઉપર કાર્યરત ધંધા-રોજગારોને વિકસાવવા માટેનું આયોજન થઈ રહ્યું છે જેમાં ૧ કરોડ રુપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી ઉત્તર ગુજરાતના અન્ય પર્યટક સ્થળો સાથે સાબરકાંઠા જિલ્લાના ઈડરીયો ગઢ અને પોળો ફોરેસ્ટમાં પણ ધંધા-રોજગાર વધુ વિકસિત કરવા માટે સેમીનાર, તાલીમ વર્કશોપ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. યુનિ. દ્વારા ટૂંક સમયમાં જ કમીટી બનાવી આયોજન કરવા માટે વિચારણા ચાલી રહી છે. જિલ્લામાં પર્યટક સ્થળોના વિકાસ માટે સરકારે કરોડો રુપિયાનું અત્યાર સુધીમાં આંધણ કર્યું છે છતાં મોટાભાગના પ્રવાસન સ્થળોએ આવતા પ્રવાસીઓને અનેક પ્રકારની પાયાગત સુવિધાઓ મળતી નથી જ્યારે સ્થાનિક ધંધારોજગારોને પણ હજુ સુધી જોઈએ તેવો પ્રવાસન ક્ષેત્રનો કોઈ ફાયદો થયો નથી જેથી હવે પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય યુનિ.ની શારીરિક નિયામક કચેરીએ પ્રવાસન સ્થળોના હાલમાં કાર્યરત ધંધા-રોજગારોને વધુ વિસ્તિત કરવા માટે બીડું ઉપાડ્યું છે.

મોડાસામાં ટિકિટને લઈને રાહુલ સોલંકીનું નામ મોખરે હોવાનું યુવરાજસિંહનું નિવેદન

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં આમ આદમી પાર્ટીની ચૂંટણી પહેલા પ્રથમ રેલી યોજવામાં આવી છે. આપ પાર્ટી દ્વારા અરવલ્લી જિલ્લામાં પણ પ્રચાર-પ્રસારના શ્રીગણેશ કરી દીધા છે અને બાયડ તાલુકામાંથી આ શરૂઆત કરાઈ હતી. બાયડ ખાતે મોટી સંખ્યામાં યુવાઓ આપમાં જોડાયા હતા અને જિલ્લામાં ૪૦૦ થી વધુ લોકોને આપનો ખેસ પહેરાવ્યો હોવાનુ યુવા નેતા યુવરાજસિંહે જણાવ્યું હતું. મોડાસા શહેરમાં રેલી યોજાયા બાદ મોડી રાત્રે જાહેર સભા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ટિકિટ અંગે વાત કરતા યુવરાજસિંહે જણાવ્યું કે, મોડાસા તાલુકા પંચાયતની બેઠક પર રાહુલ સોલંકીની જીત થઈ હતી અને હાલ તેઓ કાર્યરત છે ત્યારે ટિકિને લઈને તેમણે એમપણ જણાવ્યું કે, રાહલ સોલંકીનું કામ બોલે છે અને આપ પાર્ટીના સર્વેમાં પણ તેમનું નામ મોખરાના સ્થાન પર છે. ત્યારે મોડાસા વિધાનસભા બેઠક પર આપ પાર્ટીમાં ટિકિટના દાવેદાર રાહુલ સોંલકી હોઇ શકે છે તેવું પણ હવે લાગી રહ્યું છે. આ સાથે જ આપ નેતા યુવરાજસિંહે ભાજપ પર ઉર્જાકાંડને લઈને આકરા પ્રહારો કર્યા છે. ઉર્જાકાંડને લઈને અરવલ્લી જિલ્લામાંથી કેટલાક નામો ઉછળ્યા હતા ત્યારે કથિત ઉર્જા કૌભાંડને લઈને પણ નિવેદન આપતા જણાવ્યું કે, કેટલાક લોકોને આ બાબતે છાવરી લેવામાં આવ્યા છે, જોકે આ બાબતે તેઓ કોઈપણ સંજોગોમાં ચલાવી નહીં લે અને કાયદાકીય રીતે આગળ વધશે અને આ બાબતે લડાઈ લડશે.

"એક નગ્ન સત્ય.... ભાજપને હિંદુની જરૂર છે અને હિંદુને ભાજપની....'

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૨૮

વર્તમાન ભારતનું સત્ય બહુ સાચું અને બિહામણું છે. સૌથી પહેલા ફરીથી હું "હિન્દૂ" શબ્દની વ્યાખ્યા હિંદમાં વસવાટ કરનાર મૂળ પ્રજાને સંદર્ભ માનીને વાત કરું છું. ભલે છેલ્લા ૫૦૦ વર્ષમાં હિન્દુસ્તાનના મૂળ હિંદુઓ આજે મુસ્લિમ, ઈસાઈ, બૌદ્ધ, જૈન, શીખ કે અન્ય કોઈ સંપ્રદાયને ફોલો કરતા હોય પણ તે તમામ હિંદુઓ છે તેવું મારુ માનવું છે. આજે ૨૦૦ કરોડ વર્ષ જૂની હિંદૂ સંસ્કૃતિ ઉપર તલવાર લટકી રહી છે... કારણ માત્ર એટલુંજ કે જેમને ભારતની ભૂમિ ઉપર હજુ ૨૦૦૦ વર્ષ પણ નથી થયા તે પોતાનો વ્યાપ વધારવા પુરી તાકાત વાપરી રહ્યા છે તો સાથે સાથે રાજકીય પાર્ટીઓ પોતાની વોટબેંક માટે હિન્દૂ સંસ્કૃતિની પરવાહ કર્યા વગર અન્ય સંપ્રદાયને સારું લગાડવા હિન્દૂ સંસ્કૃતિને નીચું દેખાડવાનો પ્રયત્ન કરી રહી છે...

આજે મૂળ હિંદૂ ભોગવાદી, સ્વાર્થી બન્યો છે એટલે પોતાની માતૃ સંસ્કૃતિની લૂંટાતી લાજને તે નજરઅંદાજ કરી રહ્યો છે...'હિન્દુએ જાગવાની જરૂર છે, દેશ ઝડપથી હિંદૂ સંસ્કૃતિથી વિમુખ થઈ રહ્યો છે...' સાથે સાથે વિવિધ રાજકીય પક્ષો પોતાની મતબેક મજબૂત કરવા મુસ્લિમ તેમજ ઈસાઈ લોકોને લાડ લડાવી રહ્યા છે. દેશમાં ચાર ડઝનથી વધુ રાજકિય પક્ષ છે પણ ભાજપ છોડીને લગભગ તમામને હિન્દૂ સિવાયના તમામની ચિંતા છે પણ હિંદુની નથી!! દેશનો હિન્દૂ રાજકીય પક્ષોની રમત ઓળખી શકતો નથી કે પછી સ્વાર્થી બની નજરઅંદાજ કરતો રહ્યો છે તે એક મોટો પ્રશ્ન છે.કમનસીબીની વાત તો એ છે કે રાષ્ટ્રની ચિંતા કરવાવાળો એક ઈજીજી છે, હિન્દુત્વની ચિંતા સિર્ફ VHP જ કરે છે જ્યારે મુસ્લિમની ચિંતા કરવાવાળા ડઝનેક સંઘઠન તો છે જ પણ સાથે સાથે ચાર ડઝન રાજકીય પક્ષો પણ છે!!

હિન્દૂ માટે વિચારવાનું કામ સિર્ફ વિશ્વ હિન્દુ પરિષદના ભાગમાં આવ્યું છે....તો રાષ્ટ્રનું હિત જોવાનું કામ માત્ર ઈજીજી ને શિરે આવ્યું હોય તેવું દેખાય છે.... ભાજપની એવી ગુંચવણ કે દ્વિધ્યા દેખાય છે કે તે હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને જનતાના પ્રશ્નો વચ્ચે સેન્ડવિચ થયેલો છે!! જ્યારે જ્યારે રાષ્ટ્રવાદ, હિન્દુત્વની વાત આવે ત્યારે ચાર ડઝન રાજકીય પક્ષોની મંડળી ભાજપને ખરી ખોટી સંભળાવતી નજરે પડે છે... મોદી સરકાર દેશની જનતાનું વિચારે તો સ્વાભાવિક રીતે દેશની ૮૦% જનતા જેઓ હિન્દુઓ છે તો તેમની વાત આવી જાય છે. પણ, તેમની ઉપર હિન્દુવાદી નેતાનું લેબલ લાગી જાય છે....

'વર્તમાન ભારતમાં હિન્દુઓને ભાજપની જરૂર છે તો સાથે સાથે ભાજપને હિન્દુઓની જરૂર છે!!' કારણકે હિન્દૂ સિવાય થોડાક અપવાદ બાદ કરતાં બીજા કોઈને ભાજપ માટે લાગણી નથી તેવુ મારુ માનવું છે... પરંતુ ભાજપે તમામના કામ કરવા જોઈએ ભલે તેમની ઉપર હિન્દુત્વનું લેબલ લાગે!! ભાજપ સરકાર ક્યાંક વિવાદના ચક્કરમાં ના પડવું પડે એટલે આજપર્યંત અમદાવાદનું નામ બદલીને તેનું મૂળ નામ 'કર્ણાવતી' નથી રાખી શકી તેનો અફસોસ અને મનમાં ખટાશ આજે પણ હિન્દુઓને છે....

પાદ્યો પ્રા.શાળામાં દફતરનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

ધનસુરા તાલુકાની પાટ્ય પ્રા.શાળામાં અભ્યાસ કરતા ૨૨ બાળકોને કલ્પેશકુમાર સુખાજી ખાંટ તથા કીરણ બળવંતભાઈ ખાંટ પરિવાર દ્વારા વિના મૂલ્ય દફતરનું વિતરણ કરાતાં શાળાના મુખ્ય શિક્ષક સંજયભાઈ આર. પટેલ, એસ.એમ.સી. કમીટી અધ્યક્ષ તથા શાળા સ્ટાફે આભાર માન્યો હતો.

પાલડી પ્રા.શાળામાં તિથિ ભોજન અપાયું

બાયડ તાલુકાની પાલડી પ્રા.શાળામાં શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ એન. સોની, ઉ.શિક્ષક સુશિલાબેન પટેલ દ્વારા બાળકોને તિથિ ભોજન અને પાણીની બોટલ તેમજ પેન્સિલની ભેટ આપવામાં આવી હતી. ગ્રામજનો અને એસ.એમ.સી. કમીટી તથા વાલીઓએ શાળા પરિવારની ભાવનાને બિરદાવી હતી.

મંદિરના વિકાસ માટે કરોડોની ગ્રાન્ટ પરંતુ માર્ગો બિસ્માર

યાત્રાધામ શામળાજીને જોડતા માર્ગો ઉબડ ખાબડ બની જતાં અકસ્માતનો ભય

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૮

અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીને જોડતા માર્ગો વરસાદના કારણે ઉબડ ખાબડ બની ગયા છે. મેશ્વો ડેમ તરફ જવાનો માર્ગ ઉપર તો ઠેકઠેકાણે ગાબડાં પડી જતાં અકસ્માતની ભીતી વ્યક્ત થઈ રહી છે. વરસાદે માર્ગોની માઠી દશા કરતાં દૂરથી આવતા દર્શનાર્થીઓ યાત્રાધામમાં પારાવાર મુશ્કેલીઓ ભોગવતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં વરસાદના આરંભ સાથે માર્ગોની હાલત કફોડી બની છે. ગામડાંના ડામર માર્ગો તો ઠીક પરંતુ યાત્રાધામના માર્ગો ભંગાર બને ત્યારે સૌથી વધુ લોકોને હાલાકી સહન કરવી પડતી હોય છે. યાત્રાધામ શામળાજીમાં રોજ હજારો શ્રદ્ધાળુઓ વાહન લઈ શામળીયાના દર્શને આવે છે પરંતુ બિસ્માર થયેલા માર્ગોના કારણે મુશ્કેલી સહન કરતા હોય છે. વરસાદના કારણે મેશ્વો ડેમ તરફ જવાના માર્ગ ઉપર તો એટલી હદે ગાબડાં પડ્યાં છે કે વાહનો ઠેકડા ભરતાં પસાર થઈ રહ્યાં છે. માર્ગ પરનાં ગાબડાંમાં વરસાદી પાણી ભરાતાં દ્વિ-ચક્રી વાહન ચાલક જમીન ઉપર પટકાય તેવી સ્થિતિ પેદા થઈ છે. છેલ્લા કેટલાય સમયથી માર્ગ અને મકાન વિભાગ યાત્રાધામના માર્ગોની મરામત ભૂલ્યું હોય તેવી તાસિર ઉભરી આવ્યા પછી હવે ચોમાસાના વરસાદમાં યાત્રાધામને જોડતા માર્ગો બિસ્માર બની જતાં સ્થાનિક લોકો ઉપરાંત બહારથી આવનારા દર્શનાર્થીઓ પારાવાર મુશ્કેલી સહન કરી રહ્યા છે. તંત્ર સત્વરે ગાબડાં નહીં પુરાવે તો યાત્રાધામ અને તેની નજીકના માર્ગો ઉપર ગાબડાંના કારણે ગમખ્વાર અકસ્માતની ભીતી વ્યક્ત થઈ રહી છે.